(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પડિગ્ગહ | **પાત્રા** | **બારમા વ્રતમાં** |
| ૨. અણત્થા દંડે | **અર્થ વિના દંડાય** | **આઠમા વ્રતમાં** |
| ૩. અવિરાહિઓ | **વિરાધના રહિત, અખંડિત** | **સામાયિકના ચોથા પાઠમાં** |
| ૪. મજ્જણ વિહિં | **નહાવાના પાણીની મર્યાદા** | **સાતમા વ્રતમાં** |
| ૫. ધમ્મો લોગુત્તમો | **ધર્મ લોકમાં શ્રેષ્ઠ (ઉત્તમ) છે** | **માંગલિકમાં** |

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ખળાએ, ધ્રીઠાએ, મમતે, આપથાપનાએ એટલે શું?

**જ. ખળાએ – સ્ખલના, ભૂલ થઈ જવાથી, ધ્રીઠાએ – તિરસ્કારથી, મમતે – મમત્વથી–મારાપણાથી, આપથાપનાએ – સ્વચ્છંદથી.**

૨. તિર્યંચમાં કયા જીવો શ્રાવક બની શકે? કેવી રીતે?

**જ. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય. જાતિસ્મરણ જ્ઞાન દ્વારા, અવધિજ્ઞાન દ્વારા, એકબીજાને બોધ આપવાથી કે મનુષ્ય ક્ષેત્રમાં તીર્થંકરની વાણી સાંભળીને તિર્યંચ શ્રાવક બને.**

૩. પહેલું નમોત્થુણં સિદ્ધને શા માટે કરવામાં આવે છે?

**જ. અરિહંત કરતા સિદ્ધ ભગવાન મોટા છે. સિદ્ધ ભગવાને ૮ કર્મ ક્ષય કર્યા છે, જ્યારે અરિહંત ભગવાને ચાર ઘાતી કર્મ ક્ષય કર્યા છે અને ચાર અઘાતી કર્મ ક્ષય કરવાના બાકી છે.**

૪. દિશા મર્યાદાથી શું લાભ થાય છે?

**જ. લોક અસંખ્યાત યોજન ક્રોડાક્રોડી વિસ્તારવાળો છે. દિશાઓની મર્યાદા કરવાથી મર્યાદાની બહાર જવાનો ત્યાગ થવાથી તે જગ્યાએ થતી હિંસા આદિ પાપોનો મોટો કર્મબંધ અટકે છે.**

૫. આપઘાત એટલે શું? તે શેના કારણે થાય છે?

**જ. જ્યારે કોઈ શારીરિક, માનસિક દુ:ખ કે રોગથી ગભરાઈને સાચા–ખોટાનો નિર્ણય કર્યા વિના વગર વિચારે મરણ કરે છે, તે અપઘાત છે. તે કષાયને કારણે થાય છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) મોટા બાસઠિયાના આધારે જવાબ લખો. (૩૫)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલનો બાસઠિયો લખો. (માત્ર આંકડામાં) (૧૦)**

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. સઈન્દ્રિય | ૧૪ | ૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| ૨. અણાહારક | ૮ | ૫ | ૧ | ૧૦ | ૬ |
| ૩. સમમિથ્યાદષ્ટિ | ૧ | ૧, ત્રીજું | ૧૦ | ૬ | ૬ |
| ૪. લોભ કષાય | ૧૪ | ૧૦ | ૧૫ | ૧૦ | ૬ |
| ૫. તેઉકાય | ૪ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૬. નપુંસક વેદ | ૧૪ | ૯ | ૧૫ | ૧૦ | ૬ |
| ૭. પરિત્ત સંસારી | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૮. નો પર્યાપ્તા નો અપર્યાપ્તા | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૯. સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૧૦. મન:પર્યવજ્ઞાની સાધ્વી | ૧ | ૭ | ૧૨ | ૭ | ૬ |

**(૨) નીચેના બોલનો સંપૂર્ણ બાસઠિયો લખો. (૧૦)**

૧. સૂક્ષ્મ  ૨. અભાષક  ૩. અવધિદર્શની  ૪. મનયોગી  ૫. સાસ્વાદન સમકિત

૧. સૂક્ષ્મ – **જીવનો ભેદ – ૨ સૂક્ષ્મ એકેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ગુણસ્થાન – ૧ પ્રથમ, યોગ – ૩ ૨ ઔદારિક, ૧ કાર્મણ, ઉપયોગ – ૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન, લેશ્યા – ૩ પ્રથમ.**

૨. અભાષક – **જીવના ભેદ – ૧૦ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયના એ ચારના પર્યાપ્તા વર્જીને, ગુણસ્થાન – ૫ પહેલું, બીજું, ચોથું, તેરમું, ચૌદમું, યોગ – ૫ ૨ ઔદારિક, ૨ વૈક્રિય, ૧ કાર્મણ, ઉપયોગ – ૧૧ મન:પર્યવજ્ઞાન વર્જીને, લેશ્યા – ૬.**

૩. અવધિદર્શની – **જીવનો ભેદ – ૨ સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ગુણસ્થાન – ૧૨ પ્રથમ, યોગ – ૧૫, ઉપયોગ – ૧૦ ૨ કેવળના વર્જીને, લેશ્યા – ૬.**

૪. મનયોગી – **જીવના ભેદ – ૧ સંજ્ઞીનો પર્યાપ્તો, ગુણસ્થાન – ૧૩ પ્રથમ, યોગ – ૧૪ ૧ કાર્મણ વર્જીને, ઉપયોગ – ૧૨, લેશ્યા – ૬.**

૫. સાસ્વાદન સમકિત – **જીવના ભેદ – ૬ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય એ ચારના અપર્યાપ્તા, સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, ગુણસ્થાન – ૧ બીજું, યોગ – ૧૩ ૨ આહારકના વર્જી, ઉપયોગ ૬ ૩ જ્ઞાન, ૩ દર્શન, લેશ્યા – ૬.**

**(૩) અલ્પબહુત્વ લખો. (૮)**

૧. ઈન્દ્રિય દ્વાર  ૨. સંજય દ્વાર  ૩. ભવ્ય દ્વાર

૧. ઈન્દ્રિય દ્વાર – **સર્વથી થોડા પંચેન્દ્રિય, તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક, તેથી ચૌરેન્દ્રિય વિશેષાધિક, તેથી તેઈન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક, તેથી અણિંદિયા અનંતગુણા, તેથી એકેન્દ્રિય અનંતગુણા, તેથી સઈન્દ્રિય વિશેષાધિક.**

૨. સંજય દ્વાર – **સર્વથી થોડા સૂક્ષ્મસંપરાય ચારિત્રી, તેથી પરિહારવિશુદ્ધ ચારિત્રી સંખ્યાતગુણા, તેથી યથાખ્યાત ચારિત્રી સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રી સંખ્યાતગુણા, તેથી સામાયિક ચારિત્રી સંખ્યાતગુણા, તેથી સંયતિ વિશેષાધિક, તેથી સંજતાસંજતિ અસંખ્યાતગુણા, તેથી નો સંજતિ નો અસંજતિ નો સંજતાસંજતિ અનંતગુણા, તેથી અસંજતિ અનંતગુણા,**

૩. ભવ્ય દ્વાર – **સર્વથી થોડા અભવ્ય , તેથી નો ભવ્ય નો અભવ્ય અનંતગુણા, તેથી ભવ્ય અનંતગુણા.**

**(૪) માગ્યા પ્રમાણે જવાબ લખો. (૭)**

૧. અલેશીને યોગ કેટલા છે? કયા કયા?

**જ. અલેશીને યોગ ન હોય.**

૨. નો સૂક્ષ્મ નો બાદર કોણ હોય? તેમને ઉપયોગ હોય? કેટલા? કયા કયા?

**જ. સિદ્ધ. હા. ૨. કેવળજ્ઞાન, કેવળદર્શન.**

૩. માત્ર સાકારોપયોગ હોય તેવા ગુણસ્થાન કયા? તેમાં જીવના ભેદ કયા?

**જ. ૧, દશમું. ૧ સંજ્ઞી પંચેન્દ્રિયનો પર્યાપ્તો.**

૪. સિદ્ધને શું કહેવાય? સંયતિ કે અસંયતિ?

**જ. નો સંયત નો અસંયત.**

૫. વચનયોગીમાં ગુણસ્થાન કેટલા? કયા કયા?

**જ. ૧૩ પ્રથમ.**

૬. ખરખરી પૃથ્વીમાં લેશ્યા કેટલી? કઈ કઈ?

**જ. ૩, કૃષ્ણ, નીલ, કાપોત.**

૭. ગતિ દ્વારમાં જીવના ૨ ભેદ હોય તે બોલ લખો.

**જ. તિર્યંચાણી, મનુષ્યાણી, દેવી.**

**(બ) રૂપી – અરૂપીના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના બોલ રૂપી છે કે અરૂપી? કેટલા સ્પર્શી?** **(૪)**

| | રૂપી | અરૂપી | સ્પર્શી |
|---|---|---|---|
| ૧. ધૃત દ્વીપ | રૂપી | – | ૮ |
| ૨. અવાય | – | અરૂપી | – |
| ૩. કાર્મણ વર્ગણા | રૂપી | – | ૪ |
| ૪. જીવ | – | અરૂપી | – |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. પુદ્ગલનો સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ કેવી રીતે સમૂહરૂપે હોય છે?

**જ. પુદ્ગલનો સૂક્ષ્મ પ્રદેશી સ્કંધ એક પરમાણુથી ૨, ૩, ૪, ૫ પ્રદેશથી સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી કે અનંત પ્રદેશી સ્કંધના સમૂહરૂપે હોય છે.**

૨. રૂપીની પહેલી ગાથા લખો.

**જ. કમ્મટ્ઠ પાવટાણા ય, મણ વય જોગા ય કમ્મ–દેહે ।**
**સુહુમ પ્પએસી ખંધે, એ સવ્વે ચઉ ફાસા ॥**

૩. રૂપી દ્રવ્ય ક્યાં હોય? રૂપીને કોણ જોઈ શકે?

**જ. રૂપી દ્રવ્ય માત્ર લોકમાં હોય છે, તે અલોકમાં નથી. રૂપી દ્રવ્યોને સામાન્ય જ્ઞાની પોતાની ઈન્દ્રિયોથી અથવા વિશિષ્ટ જ્ઞાની અવધિજ્ઞાન કે મન:પર્યવજ્ઞાનથી જોઈ શકે.**

**(ગ) ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને આવે?** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ક્ષાયિક સમકિતી ગાય પહેલા દેવલોકમાં આવે. | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૨. માખી ભરતના મનુષ્યમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૩. મન વગરનો માછલો પહેલી નરકમાં આવે. | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૪. ચોથા ગુણસ્થાનવાળા દેવ હાથીમાં આવે. | **ન આવે કારણ કે સમકિતી દેવ તિર્યંચમાં આવતા નથી.** |

૫. કેટલા અને કયા ઉપયોગ લઈને એકપણ ગતિમાં અવાતું નથી?

**જ. ચાર. મન:પર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, ચક્ષુદર્શન, કેવળદર્શન.**

**(૨) નીચેના જીવો કેટલા અને કયા કયા ઉપયોગ લઈને નીકળે?** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. શક્કરિયા | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૨. વિભંગજ્ઞાની મનુષ્ય | **૫, ૩ અજ્ઞાન, ૨ દર્શન** |
| ૩. સંમૂર્ચ્છિમ મનુષ્ય | **૩, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |
| ૪. ચોથા ગુણસ્થાનવાળા શકેન્દ્ર | **૫, ૩ જ્ઞાન, ૨ દર્શન** |
| ૫. અંજનાના નારકી | **૫, ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ દર્શન** |

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. માયા કરતા પહેલા શા માટે વિચાર કરવો જોઈએ?

**જ. આખી દુનિયાની આંખમાં ધૂળ નાંખી શકાય છે, પણ કર્મની આંખમાં ધૂળ નાંખી શકાતી નથી. કર્મના હાથ તો અસંખ્યાત યોજન દૂર અને અસંખ્યાત ભવ સુધી પહોંચે છે.**

૨. લોભ એ ...... ની આવશ્યકતા નથી ...... ની તૃષ્ણા છે. લોભથી બચવાનો સીધો ઉપાય ...... ની ...... કરવી.

**જ. તન, મન, પરભવ, ચિંતા.**

૩. કામ કરવાથી શું થાય? કામચોરને શું થશે?

**જ. કામ કરતા સમતા રાખીએ તો દેહની મમતા તૂટે. કામ કર્યા વગર શરીર કટાઈ જાય તેના કરતા કામ કરીને શરીર ખડતલ બનશે. કામચોરને શરીરના રોગો આવશે, ઈન્દ્રિયો જકડાઈ જશે.**

૪. આત્મબોધ પામવા, આત્મસંતોષ રાખવા, આત્મ નિરીક્ષણ કરવા, આત્મ યુદ્ધ કરવા માટે મારે શું અભ્યાસ કરવો જોઈએ?

**જ. આત્મા જીવ છે અને શરીર અજીવ છે, મને જે મળ્યું તે બધું સારું જ છે, મેં શું કર્યું અને શું બાકી છે, મારે આત્મશત્રુને જીતવા છે.**

૫. આત્મ સ્વભાવ કેવી રીતે પ્રાપ્ત કરશું?

**જ. આરાધક બની ક્ષમા, સંતોષ વગેરે આત્માના અનંત ગુણ પ્રગટ કરવા જોઈએ. જ્ઞાન અને દર્શન આત્માનો ગુણ છે. જોવું અને જાણવું આત્મનો સ્વભાવ છે. હું તરીને જ રહીશ.**

**(૧૦)**

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નમિ રાજર્ષિને શું સ્વપ્ન આવ્યું? શક્રેન્દ્ર શા માટે બ્રાહ્મણનો વેશ લઈને આવ્યા?

**જ. શ્વેત હાથી પર બેસીને તેઓ મેરુપર્વત પર ચઢી ગયા. દેવલોકના ઈન્દ્રએ અવધિજ્ઞાનથી જાણ્યું કે નમિ રાજા એકાએક મુનિ બની ગયા છે તો તેઓની ત્યાગ ભાવના સ્થિર છે કે ક્ષણિક આવેશ છે? તે જાણવા અને કસોટી કરવા માટે શક્રેન્દ્ર બ્રાહ્મણનો વેશ લઇને આવ્યા.**

૨. જીવ શા માટે દુર્ગતિમાં જાય છે?

**જ. હે બ્રાહ્મણ ! આ સંસારના કામભોગો કાંટારૂપ છે, વિષય વાસના તુલ્ય છે અને આ કામભોગો આશીવિષ સર્પ જેવા છે. એવા કામભોગોની ઈચ્છા રાખનાર તેને પામ્યા વિના જ દુર્ગતિમાં ચાલ્યા જાય છે.**

૩. અંધ કેટલા પ્રકારના છે? ક્યા? તેમને અંધ શા માટે કહ્યા છે?

**જ. અંધ ત્રણ પ્રકારના છે. ક્રોધાંધ, કામાંધ, સ્વાર્થાંધ. સ્વાર્થ અને ભોગની લિપ્સા એટલી ભયંકર હોય છે કે વ્યક્તિ પોતાના સંબંધ ભૂલી જાય છે અને ક્રોધાવેશમાં ભયંકર કાર્ય કરી બેસે છે.**

૪. નમિ પ્રવ્રજ્યા અને દેવદત્તા એ કયા સૂત્રનો અધિકાર છે? તે અંગ છે કે ઉપાંગ? કાલિક છે કે ઉત્કાલિક?

**જ. નમિ પ્રવ્રજ્યા ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૯ નો અધિકાર છે. તે મૂળ સૂત્ર છે. તે કાલિક છે.**
**દેવદત્તા દુ:ખવિપાક સૂત્ર અધ્યયન ૯ નો અધિકાર છે. તે અંગ સૂત્ર છે. તે કાલિક છે.**

૫. ધરણ દેવનું યક્ષાયતન ક્યાં હતું? તે નગરના રાજા–રાણી–યુવરાજ કોણ હતા?

**જ. રોહિતક નગરના પૃથ્વીઅવતંસક ઉદ્યાનમાં હતું. વૈશ્રમણ રાજા, શ્રી રાણી, પુષ્પનંદી યુવરાજ હતા.**

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. ચંડકૌશિકના ........ સૂરવાણી. | **પાના નં. ૨૪૮ કડી ૩** |
| ૨. આ કાયા ......... અંજળ દેજો. | **પાના નં. ૨૪૯ કડી ૩** |
| ૩. પ્રભુ કહે છે ......... સાથ ગમે છે. | **પાના નં. ૨૪૭ કડી ૩** |
| ૪. શું તજવાનું છે? જે લખી જે કડીમાં આવતું હોય તે કડી લખો. | **પરની પંચાત પાના નં. ૨૪૮ કડી ૩** |

**જય – જિનેન્દ્ર**